INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

તા. ૭-૮-૨૦૨૫

પ્રતિ,
શ્રી કુબેરભાઈ ડીંડોર
મા.શિક્ષણ મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**વિષયઃ- ધોરણ 1 થી 8 માં બદલી પામેલ તમામ શિક્ષકોને તાત્કાલિક વૈકલ્પિક વ્યવસ્થા આપી તમામને છૂટા કરવાના આદેશ કરવા અંગે.**

વર્ષ 2023-24 તેમજ 2024-25 દરમિયાન યોજાયેલા બદલી કેમ્પો દ્વારા અનેક શિક્ષકોને તેઓ ઈચ્છે તેવા સ્થળોએ બદલીનો લાભ મળ્યો છે. પરંતુ ખરેખર દુઃખની બાબત છે કે, ઘણા શિક્ષકોને હાલની શાળામાં 50% થી ઓછું મહેકમ હોવાથી જે તે શાળામાથી આજ દિવસ સુધી છૂટા કરવામાં આવ્યા નથી.

ઘણા શિક્ષકોને તો બે વર્ષથી વધુ સમયથી બદલીનાં આદેશ મળ્યા છતાં જે તે શાળામા ફરજ બજાવી રહ્યા છે, કારણ કે સ્થાનિક શાળમા પણ શિક્ષકોની ઘટ છે અને ત્યા કાયમી, પ્રવાસી કે જ્ઞાન સહાયક શિક્ષકની વ્યવસ્થા કરવામાં આવેલ નથી. આ સ્થિતિ SOE તથા NON-SOE બંને પ્રકારની શાળાઓમાં જોવા મળી રહી છે. શાળાઓમા શિક્ષકોની ઘટને કારણે પુરુ મહેકમ ન હોવાને કારણે બદલીના આદેશ થયેલા છે તે શિક્ષકો પણ બદલીના હકથી વંચિત રાખવામાં આવી રહ્યા છે, આવી સ્થિતિમા સૌથી વધુ ખરાબ અસર બાળકોના શિક્ષણ ઉપર પડી રહી છે, જે રાજ્ય સરકારની ઈચ્છાશક્તિનો અભાવ અને શિક્ષણ વિભાગની વહીવટી ઘોર બેદરકારી અને નિષ્ફળતા દર્શાવે છે. અને જે સંપૂર્ણ રીતે અન્યાયપૂર્ણ છે.

એકબાજુ વર્ષો પછી જે તે શિક્ષકોને પોતાના વતન નજીકના બદલીના આદેશા હાથમા આવ્યા છે અને તે મુજબ તેમના પરિવારના આયોજનો કરી ચુકયા હોય અને આ બાજુ જે તે શાળા તેને ફરજમાથી છૂટા ન કરે એટલે તેમના પણ આયોજનો ખોરવાય છે અને તેની અસર પણ શિક્ષણ કાર્ય ઉપર પડી શકે છે આ તમામ બાબતોને ધ્યાને લઈને શિક્ષકોના બદલીના સ્થળે હાજર થવા માટે તેમને જે તે શાળામાથી છુટા કરવાના આદેશ ત્વરિત કરવામા આવે. અને જે શાળામા શિક્ષકોની ઘટની પુર્તિ કરવામા આવે.

આભાર

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ